Prabhat

EDII

November 30, 2023
Pg.3

# ઈડીઆઈઆઈએ "વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલીસી" સંદર્ભે ગુજરાત સરકારનાં ઉચ્ચ શિક્ષણ વિભાગ સાથે એમઓયુ કર્યા

EDII (એન્ટરપ્રિન્યોરશીપ ડેવલોપમેન્ટ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયા)એ ગુજરાત સરકારનાં ઉચ્ચ શિક્ષણ વિભાગ સાથે ''વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલીસીની અસરકારક અમલવારી માટે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા.

આ એમઓયુ ગુજરાત સરકારનાંઆરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણમંત્રીરૂષિકેશ પટેલ; ગુજરાત સરકારનાંઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના અગ્ર સચિવ મુકેશકુમાર;ગુજરાત સરકારનાં ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી પરિમલ પંડ્યા તથા ઈડીઆઈઆઈનાં ડિરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લાની હાજરીમાં કરવામાં આવ્યા હતા.

આ પોલિસી વિદ્યાર્થીઓને તેમના સર્જનાત્મક વિચારો અને કુશળતા દર્શાવવા માટે પ્લેટફોર્મ પૂરુ પાડશે તથા તેમને ભવિષ્યના સાહસિકો બનવા માટે વધુ પ્રોત્સાહિત કરશે.

રાજ્યની સરકારી બિનસરકારી અનુદાનિત આર્ટ, સાયન્સ, કોમર્સ, બી.એડ, લો કોલેજો તથા ગ્રામ્ય વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યર્થીનીઓને અભ્યાસની સાથે સાથે ઉદ્યોગ સાહસિકતા વિકસાવવા તથા તેઓને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે રાજ્ય સરકારે ''વિદ્યાર્થી'ઉદ્યોગ સાહસિકતા પોલીસી અમલમાં મુકવામાં આવેલ છે.

EDII સંસાધન વ્યક્તિઓની કેડર તૈયાર કરીને (ઉદ્યોગ સાહસિકતા સંબંધિત તાલીમ આપવા માટે ફેકલ્ટી માર્ગદર્શક), વિદ્યાર્થીઓ માટે તાલીમ કાર્યક્રમો અને વર્કશોપનું આયોજન કરીને, તેમને તેમના પોતાના સાહસો સ્થાપવા માટે તાલીમ આપવા દ્વારા નીતિનો અમલ કરશે.